# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ભારતીય લોકસેવામાં ઉત્તીર્ણ થયેલા ગુજરાતના ઉમેદવારોનું સન્માન કરતાં આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત કેન ડુ એન્ડ ગુજરાતી કેન ડુ.**
2. **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે, ઉદ્યોગ અને વેપારના ચારેતરફથી થઇ રહેલા વિકાસને કારણે દેશ આગળ વધી રહ્યો છે.**
3. **રાજ્યમાં RTE હેઠળ ત્રીજા રાઉન્ડમાં વધુ બે હજાર ૨૩૧ બાળકોને પ્રવેશ અપાયા.**
4. **અનમોલ કિંગ હાલાર અને આર્યન સોરઠ લાયન્સની મેચ સાથે સૌરાષ્ટ્ર ક્રિકેટ લીગનો આજથી આરંભ થશે.**
5. **મુસ્લિમ બિરાદરો દ્વારા આજે વિશેષ નમાજ સાથે ઇદ..ઉલ..અઝહા મનાવાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SPIPA

ગુજરાત કેન ડુ એન્ડ ગુજરાતી કેન ડુ' તેમ રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એસોસિએશન ઓફ SPIPA સ્ટુડન્ટ્સ' એલ્યુમ્ની દ્વારા અમદાવાદમાં યોજાયેલા સન્માન સમારંભમાં કહ્યું હતું.

વર્ષ 2023 અને 2024 ની ભારતીય સિવિલ સર્વિસ અને ફોરેસ્ટ સર્વિસ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા કુલ 61 તેજસ્વી ઉમેદવારોના સન્માન સમારોહ અને વાર્ષિક મિલન કાર્યક્રમ આરોગ્ય મંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

તેમણે ઉમેર્યું કે, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય રાજનેતાઓ સાથે બ્યુરોક્રેટ્સના શિરે પણ છે. સરકારના નિર્ણયોને અસરકારક રીતે અમલી બનાવી, વિવિધતામાં એકતાની વિચારધારા સાથે જે પણ રાજ્યમાં સેવા કરવાનો અવસર મળે, ત્યાંની સંસ્કૃતિને સમજીને છેવાડાના માનવી સુધી પહોંચવું એ જ અધિકારીનો પરમ ધર્મ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું..

---

# JAMNAGAR CHEMBER OF COMERENCE

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે દેશ વિકસિત બની રહ્યો છે ઉદ્યોગ અને વેપારનો ચારેતરફથી વિકાસ થઇ રહ્યો છે.. તેમણે જામનગર ખાતે કહ્યું હતું કે કોરોનાકાળમાં વેપારી ઉદ્યોગપતિઓ અને મહાજનોએ દેશ સેવા કરી અને તેમનો ધર્મ નિભાવ્યો છે.

# (બાઇટ - મનસુખ માંડવીયા)

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના નવ નિયુક્ત પ્રમુખ રમણીક અકબરીના શપથવિધિ સમારોહ કાર્યક્રમમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા તેમજ જામનગરના સાંસદ પૂનમ માડમ ઉપસ્થિત રહ્યા હતા , તેઓએ નવ નિયુક્ત હોદ્દેદારોને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે પોરબંદર ખાતે આયોજીત સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે..

---

# RTE ACT ADMISSION

RTE એક્ટ-2009 અન્વયે છઠ્ઠી જૂનના રોજ યોજાયેલ RTE પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ બાદ વધુ બે હજાર 231 જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ આગામી 13મી જૂન સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી ત્રીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ છ હજાર 946 જેટલી જગ્યાઓ ખાલી છે.

શૈક્ષણિક વર્ષ 2025-26માં રાજયની કુલ નવ હજાર 814 જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ 94,798 જેટલી જગ્યાઓ RTE હેઠળ ઉપલબ્ધ હતી. જેમાં પ્રથમ અને બીજા રાઉન્ડમાં કુલ 93,270 જેટલા

વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં બંને રાઉન્ડ બાદ કુલ 85,744 જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

---

## BOARD HELPLINE

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.23 જુલાઇ- 2025થી શરૂ થતી ધોરણ 10 અને ધોરણ 12 ની બોર્ડની જાહેર પરીક્ષા માટે વિદ્યાર્થી, વાલી તેમજ શાળાના સંચાલકો - શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન માટે એક ટોલ ફ્રી હેલ્પલાઇન નં. 1800 233 5500 શરૂ કરવામાં આવશે. આ ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર તા. 16 જૂન 2025 થી તા.03 જૂલાઈ 2025 દરમિયાન સવારે 11 થી સાંજે 6 વાગ્યા સુધી કાર્યરત રહેશે.

વિદ્યાર્થી, વાલી, શાળાના સંચાલકો અને શિક્ષકોને બોર્ડની પરીક્ષા અંગે ટોલ ફ્રી નંબર દ્વારા અનુભવી કાઉન્સેલર તથા મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડશે.

---

## WORLD FOOD SAFETY DAY VOICE CAST

સુરક્ષિત ખોરાક એ માત્ર સ્વાસ્થ્ય માટે જ નહીં , પરંતુ આર્થિક સ્થિરતા અને ટકાઉ વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. ખાદ્ય સુરક્ષા અને તેના મહત્વ વિશે જાગૃતિ કેળવવા માટે દર વર્ષે ૭ જૂને "વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ " તરીકે ઉજવવામાં આવે છે.

આ અંગેનો એક અહેવાલ સાંભળીએ:

(VOICE CAST YASHVI MEHTA)

(આ વર્ષે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની થીમ છે- "Science in Action", જે ખોરાકની સલામતી માટે વિજ્ઞાનની જરૂરિયાત અને મહત્વતા સૂચવે છે

લોકોને આરોગ્યપ્રદ, શુદ્ધ અને સલામત આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા છેલ્લાં એક વર્ષ દરમિયાન કુલ એક લાખ 28 હજારથી વધુ ફૂડ સેફ્ટી લાયસન્સ અને રજીસ્ટ્રેશન આપવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારોને ધ્યાને લઇ કુલ વિશેષ ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત, ૧૯૦થી વધુ રેડ કરીને સાડા દસ કરોડ રૂપિયાની બજાર કિંમત ધરાવતો ૩૫૧ ટનથી વધુ શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ જથ્થામાં સૌથી વધુ ઘી , મીઠાઈ, માવો, અનાજ તથા અન્ય ખાદ્યપદાર્થનો સમાવેશ થાય છે.

"ફૂડ સેફ્ટી એન્ડ્ સ્ટાન્ડતર્ડસ એક્ટ-૨૦૦૬ "ના ઉલ્લંઘન બદલ દોષિતોને કુલ છ કરોડ 21 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ખાદ્ય પદાર્થોની સ્થળ પર જ પ્રાથમિક ચકાસણી થઇ શકે તે માટે તંત્ર દ્વારા રાજ્યભરમાં કુલ ૩૨ "ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ" કાર્યરત છે.

યશ્વી મહેતા, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ)

---

# SAURASTRA CRICKET TOURNAMENT

**સૌરાષ્ટ્ર લીગનો આજથી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં પ્રારંભ થશે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે સાંજે ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન કરશે.**

**અનમોલ કિંગ્સ હાલાર અને આર્યન સોરઠ લાયન્સ વચ્ચે પહેલી મેચ રમાશે. આ લીગમાં 5 ટીમો વચ્ચે ફાઈનલ સહિત કુલ 21 મેચ રમાશે. પ્રથમ મેચ બાદ ઓપનિંગ સેરેમની યોજાશે. લીગની ફાઈનલ મેચ 20મી જૂને રમાશે. સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગમાં અનમોલ કિંગ્સ હાલાર, આર્યન સોરઠ લાયન્સ, દીતા ગોહીલવાડ**

ટાઈટન્સ, જેએમડી કચ્છ રાઈડર્સ અને RVM ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ એમ કુલ 5 ટીમો ભાગ લઈ રહી છે.

---

# Corona case’s

ગુજરાતમાં ગઈકાલે એક જ દિવસમાં કોરોનાના નવા 170 કેસ નોંધાતા રાજ્યમાં કોરોનાના કેસનો આંકડો 717 પર પહોંચ્યો છે. જેમાં 23 દર્દીઓ હોસ્પિટલમાં જ્યારે 694 દર્દીઓ ઘરે સારવાર લઈ રહ્યા છે. જેમાંથી 68 દર્દીઓને રજા આપી દેવામાં આવી છે.

જ્યારે અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના 88 જેટલા કેસ નોંધાયા છે અમારા પ્રતિનિધિ જણાવે છે, શહેરમાં અત્યાર સુધી 559 કેસ નોંધાયા. તેમાંથી 374 જેટલા કેસ સક્રિય છે. આ દરમિયાન 183 જેટલા દર્દીઓને રજા અપાઈ છે.

બીજી તરફ, કોરોના કારણે ત્રણ વ્યક્તિના મોત થયા છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં ચાંદખેડા, મોટેરા, સાબરમતી, વાડજ, નવા વાડજ, વાસણા, પાલડી, આશ્રમરોડ, ઘાટલોડીયા, ચાંદલોડિયા, ન્યુ રાણીપ, જગતપુર, વૈષ્ણોદેવી, થલતેજ, બોડકદેવ, વસ્ત્રાપુર, ગોતા સહિતના વિસ્તારોમાં વધુ કેસો નોંધાયા છે.

---

# PANCHAYAT ELECTION PATAN

રાજ્યમાં 22 જૂને યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ રાજ્યભરના સંબધિત જિલ્લાઓમાં ઉમેદવારી કરવાનો આરંભ થઇ ગયો છે.

જે અંતર્ગત અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે , 310 ગ્રામ પંચાયતોની સામાન્ય અને 70 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી માટે ગઈકાલે 1 હજાર 122 ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યા હતા. જેમાં સરપંચ માટે 422 ફોર્મ અને સભ્ય માટે 700 ફોર્મ ભરાયા હતા.

જાહેરનામુ પ્રસિધ્ધ થયાની સાથે જ અત્યાર સુધીમાં 1 હજાર 373 ઉમેદવારી પત્ર ભરાયા છે. જેમાં સરપંચ માટેના 549 ફોર્મ અને સભ્ય માટેના 824 ઉમેદવારી ફોર્મ ભરાયા છે. 9 જૂન ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે. 22 જૂને મતદાન અને 25 જૂને મત ગણતરી થશે.

---

# EID-UZ-ZUHA

રાજ્યભરમાં આજે ઇદ ઉલ અઝાહ મનાવવામાં આવશે.. બલિદાનનો તહેવાર ઇદ ઉલ અઝહા એટલે કે બકરી ઈદની નમાઝ ઇદગાહ અને મસ્જિદોમાં અદા કરવામાં આવશે. અમદાવાદ સહિત રાજ્યભરમા આજે વિશેષ નમાઝ અદા કરીને તેને મનાવવામાં આવશે.

---

# TAPI KRUSHI SANKLAP ABHIYAN

તાપી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન થકી ખેડૂતોને કૃષિ વૈ જ્ઞાનિકો તેમજ અધિકારીઓ દ્વારા વિવિધ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવી રહ્યાં છે.

પાકોમાં રોગ જીવાત નિયંત્રણ, પ્રાકૃતિક ખેતી, સૌઇલ હેલ્થ કાર્ડ, પશુપાલન, કૃષિ અને સંલગ્ન વ્યવસાયની સાથેસાથે કૃષિ અને બાગાયત ખાતાની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી રહી હોવાનું તાપીના મહિલા ખેડૂત જસુમિત બેને ગામિતે આપી હતી.

## બાઇટ- જસુમતિ ગામિત, મહિલા ખેડૂત , તાપી

---

# WEATHER

હવામાન વિભાગે આજે દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, રાજકોટ, અમરેલી, બોટાદ અને ભાવનગરમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

---